માલપુરના અંબાલિયા પાસે અકસ્માતમાં ૬ ના મોત

ટ્રક અને ટ્રેક્ટર ટકરાતા ચાર પુરૂષ-બે મહિલા સહિત ૬ શ્રમજીવીઓના કમકમાટી ભર્યા મોત

મોડાસા, તા.૧૪ અરવલ્લી જિલ્લામાં દિવાળી પછી શરૂ થતાં નૂતન વર્ષની પ્રથમ સૌથી મોટી અકસ્માતની દૂર્ઘટના સર્જાઈ છે. માલપુરના અંબાલિયા પાસે ટ્રક-ટ્રેક્ટર વચ્ચે આજે મંગળવારે વહેલી સવારે સર્જાયેલ આ જીવલેણ અકસ્માતમાં ચાર પુરુષ અને બે મહિલાઓ મળી ૬ શ્રમજીવી મજૂરોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા જ્યારે અન્ય ૧૩ મજૂરો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે ખસેડાયા છે.

માલપુર ગોધરા સ્ટેટ હાઈવે પર અંબાલિયા ગામ પાસે આજે વહેલી પરોઢે ત્રણ વાગ્યાના સુમારે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતની વિગતો મુજબ એક ટ્રક ચાલકે ટ્રેક્ટરને પાછળથી અડફેટે લેતા ટ્રેક્ટરમાં સવાર ૬ મજૂરોના કરુણ મોત નીપજ્યા હતા જ્યારે ટ્રેક્ટરમાં સવાર અન્ય ૧૩ શ્રમજીવીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ તમામ ઈજાગ્રસ્તોને માલપુર, મેઘરજ, મોડાસાની ૧૦૮ ઈમર્જન્સી સેવા મારફતે સારવાર અર્થે પ્રથમ માલપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને ત્યાંથી વધુ સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. જેમાં ૪ ઈસમો વધુ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડ્યા હતા.

તમામ મૃતકો અને ઈજાગ્રસ્તો દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કાદવાડ ગામના હતા. તેઓ ટ્રેક્ટરમાં બેસી ખેતમજૂરી અર્થે ઉત્તર ગુજરાતમાં પાટણ જઈ રહ્યા હતા.

અકસ્માતની જાણ થતાં જ વહેલી સવારે સાડા ત્રણ વાગે ઘટના સ્થળે પહોંચેલા માલપુર પીએસઆઈ કે. ડી. બ્રહ્મભટ્ટના જણાવ્યાનુસાર આ અકસ્માત એટલો વિચિત્ર હતો કે ટ્રકે ટ્રેક્ટરને અડફેટે લીધા બાદ ટ્રેક્ટર ૫૦ થી ૬૦ ફુટ સુધી ઢસડાયું હતું અને બાજુમાં આવેલ એક દુકાન અને એક કાચા મકાનનો ભુક્કો બોલાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા માલપુર પોલીસ તેમજ જિલ્લા પોલીસ તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યું હતું અને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. માલપુર તાલુકા હેલ્થ અધિકારી ડો. યોગેશ ગૌસ્વામીએ મૃતકોના પી.એમ. કરી પોલીસ દ્વારા મૃતકોના વાલીવારસોને મૃતદેહો સુપ્રત કરવા તજવીજ હાથ ધરી હતી. જિલ્લામાં નવા વર્ષની આ અકસ્માતની મોટી દુર્ઘટનાની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર પણ સતર્કતાથી પોલીસ તંત્રને કામે લગાડી દીધું હતું.

અરવલ્લી જિલ્લામાં ભાજપના ૨૫૩૯૧ કાર્યકર્તાઓ દ્વારા ૮૧૯૦૨ પરિવારોનો સંપર્ક કરાયો

મોડાસા, તા.૧૩

ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ૨૫૩૯૧ કાર્યકર્તાઓ દ્વારા ૮૧૯૦૨ પરિવારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૬ દિવસના આ અભિયાન દરમિયાન માથે કેસરી ટોપી, ગળામાં ખેસ અને હાથમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની ઉપલબ્ધીઓની વિકાસની વિગતો સાથેની પત્રિકાઓ સાથે પ્રદેશ તેમજ જિલ્લાના પદાધિકારીઓ સહિત ભાજપના કાર્યકર્તાઓએ ૬ દિવસ ઘરેઘરે સંપર્ક કરતા આખો માહોલ કેસરીયો બની ગયો હતો.

અરવલ્લી જિલ્લામાં આ મહાઅભિયાનમાં ઉત્તરપ્રદેશના મંત્રી ડૉ. મહેન્દ્રસિંહ, પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, ધિમંતભાઈ પટેલ, ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, જયેશભાઈ, મહેશભાઈ પટેલ, ચૂંટાયેલા અને સંગઠનના પદાધિકારીઓ, તાલુકા-શહેરના પ્રમુખ-મહામંત્રીઓ, બુથ પ્રમુખ, શક્તિકેન્દ્રોના પ્રભારીઓ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ભીખીબેન, ડૉ. મહેન્દ્રભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રહેવર,ઉપરાંત સહકારી આગેવાનો પ્રભુદાસભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, ભીખાજી ડામોર સહિતના અગ્રણીઓ પણ સંપર્ક અભિયાનમાં જોડાયા હતા.

જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી પણ બાયડ શહેર, ડેમાઈ, ધનસુરા, માલપુર મેઘરજ, ભિલોડા, તાલુકાઓ, મોડાસા શહેર, સરડોઈ વગેરે વિસ્તારમાં રોજ એવરેજ ૨૦ કિલોમીટરનો પ્રવાસ કરીને લોકસંપર્ક કર્યો હતો. જિલ્લા કાર્યાલય ખાતે કાર્યરત ફોલોઅપ ટીમના ધીરેનભાઈ પ્રજાપતિ, પ્રભુદાસભાઈ પટેલ, રસિકભાઈ એમ.પટેલ દ્વારા સત્તાવાર એકત્ર કરાયેલ વિગતો મુંજબ તમામ ૧૯૩૯ બુથો ઉપર ૨૫૩૯૧ કાર્યકર્તાઓ દ્વારા ૮૧૦૯૦૨ પરિવારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

બાયડ-ધનસુરા રોડ પર બસ પલટી જતા કોલેજના સાત વિદ્યાર્થીનો આબાદ બચાવ

અરવલ્લી જિલ્લામાં બાયડ-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગે મંગળવારે સવારે એસ.ટી બસ અગમ્ય કારણોસર પલટી જતા બસમાં મુસાફરી કરતા ૧ વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ૪ લોકો ઘાયલ થતા તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે વાત્રક જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જયારે બસમાં મુસાફરી કરતી કોલેજની ૭ વિદ્યાર્થીનીઓનો આબાદ બચાવ થયો હતો.

સરકીલીંબડી કેન્દ્ર ખાતે બ્રહ્માકુમારી સેન્ટર ઈશ્વરીય આત્મિય સ્નેહમિલન યોજાયું

ભિલોડા તાલુકાની સરકીલીંબડી કેન્દ્ર ખાતે ઓમ શાંતિ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા સ્નેહમિલન સંમેલન યોજાઈ ગયું. જેમાં આત્મા અને પરમાત્માનો સત્ય પરિચય, જીવન મૃત્યુનું રહસ્ય, પાપ પુણ્યની જાણકારી તથા સ્વર્ગ નર્ક એટલે શું? ઈશ્વરીય ગુણોની શક્તિઓની જાણકારી, જીવનમાં સુખ-દુઃખ કેમ આવે છે અને આનંદમાં રહેવાથી ફાયદા વિષે ભક્તિ કોને કહેવાય વિષે ગહન બાબતોની ચર્ચા. ભાઈઓ બહેનોની મોટી સંખ્યામાં મોડાસા બ્રહ્માકુમારી સેન્ટરના ઈન્દિરાબેન દીદી-સંયુક્ત સમાજ કલ્યાણ નિવૃત્ત સંચાલક રતનદીદી-હિંમતનગર સેન્ટરના ઉષાદીદી-ધર્મિષ્ઠાબેન-નયનાબેન-હિનાબેન-નીતાબેન પંચાલ-ગંગાબેન તથા હિંમતનગર સેન્ટરના એન.ડી. જોષીયારાએ ઓમ શાંતિ સેન્ટર અને ઈશ્વર કોણ છે.

અમદાવાદમાં સ્યાહી ફેશન સ્ટુડિયોનો પ્રારંભ

વિશ્વભરમાં લોકોની ફેશન બદલાઈ રહી છે. રોજે રોજ નીતનવી ફેશન બજારમાં આવી રહી છે. ત્યારે આવી જ નીતનવી ફેશન સાથે મેન્સ અને વિમેન વેર માટે એક નવો ફેશન સ્ટૂડિયો સ્યાહીના અમદાવાદમાં પૂનમ સંઘાણી અને રોહિત દૂબેના સ્યાહી ફેશન સ્ટૂડિયોનું શહેરના સી.જી. રોડ નજીક રવિવારે પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ભાજપના કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા, ગુજરાતના ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ અનાર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્ટૂડિયોની વિગતો આપતાં પૂનમ સંઘાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે વિશ્વમાં લોકોની સ્ટાઈલ બદલાઈ રહી છે. સ્ટાઈલની સાથે સાથે રહેણીકરણી પણ બદલાઈ છે. તેવા સંજોગોમાં આ પ્રકારનો ફેશન સ્ટૂડિયો દ્વારા લોકોને વિશ્વમાં હાલમાં ચાલી રહેલી ફેશનના વસ્ત્રો મળી રહેશે. સાથે સાથે વિશ્વમાં ચાલી રહેલા ટ્રેન્ડને પણ મેન્સ અને વિમેન્સના વેરમાં ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ પ્રકારના સ્ટૂડિયોના કારણે લોકોને પણ નવી ડિઝાઈનના વસ્ત્રો સરળતાથી ઉપલબ્ધ થશે.

મોડાસાના લીંભોઈ ગામે બંધ મકાનમાં તસ્કરો દ્વારા ૧.૪૦ લાખની લૂંટ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ તસ્કરો અને ઘરફોડ ગેંગનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. મોડાસા તાલુકાના લીંભોઈ ગામે સોમવારની રાત્રીએ બંધ મકાનમાં તસ્કરોએ તાળા તોડી અંદાજે ૧.૪૦ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ગામમાં ફફડાટ ફેલાયો હતો. ગામ લોકોના જણાવ્યા અનુસાર લીંભોઈ ગામમાં એક સપ્તાહમાં ત્રણ મકાનોમાં ઘરફોડિયા ગેંગે લૂંટ ચલાવતા ગ્રામજનોએ જાગરણ કરવાની ફરજ પડી છે. મોડાસા રૂરલ પોલીસે સ્ટેશન દ્વારા ગામમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે અને રાત્રી દરમિયાન પોલીસે બંદોબસ્તની ઉગ્ર માંગ કરી હતી.

લીંભોઈ ગામના અતુલભાઈ અમૃતભાઈ પટેલ ત્રણ દિવસ પહેલા અમદાવાદ ખાતે રહેતા તેમના પુત્રના ત્યાં કામકાજ અર્થે ગયા હતા ત્યારે તેમના બંધ મકાનમાં રોડ પર રહેલા રસોડાના દરવાજાના નકુચાને તોડી ઘરમાં પ્રવેશી તિજોરીમાં રહેલા ૨૭ હજાર રૂપિયા રોકડા અને ૧.૨૫ લાખના સોના ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી ઘરમાં રહેલા રાચરચીલાની તોડફોડ કરી ફરાર થઈ ગયા હતા. મંગળવારે સવારે બાજુમાં રહેતા પાડોશીએ ઘરના તાળા તૂટેલા જોતા ઘર માલિકને જાણ કરતા અમદાવાદથી લીંભોઈ દોડી આવી ઘરમાં રહેલા રોકડા રૂપિયા અને સોના-ચાંદીના દાગીના ચોરી થયાનું જણાતા અતુલભાઈના માથે આભ તૂટી પડ્યું હતું. ઘરમાલિક દ્વારા ચોરીની ઘટના અંગે મોડાસા રૂરલ પોલીસસ્ટેશને ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી. લીંભોઈ ગામમાં એક અઠવાડિયાની અંદર ત્રણ મકાનોને નિશાન બનાવી લૂંટ ચલાવતા ગામ લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.



હેલ્લો ફ્રેન્ડસ્ ! ● ૪ પાનાનું ચાલુ...

એક ધબકારો ચૂકી ગયું? માનસિક પરિતાય સાથે પરસેવો રેબઝેબ થઈ બ્રીજના બીજા છેડે પહોંચ્યો અને ત્યાં આવેલા નાનકડાં મેદાને નજર પહોંચતાં જ એને હાશ... થઈ, શ્રીહરિને ત્યાં રેતીના ઢગલામાંથી ઘર બનાવતી હતી...

એણે ઝડપથી એને તેડી લીધી, વહાલથી બચીઓ ભરવા લાગ્યો. એ તરત જ પાછો ઘર તરફ ભાગ્યો. બ્રીજને બીજે છેડે ઝંકાર ઉભરાયેલી આંખે શ્રીહરિની શોધમાં તરફડીયા મારતી હતી. મલયને જોતાં જ એ સામે દોડી, એમે ઝડપથી શ્રીહરિને ખેંચીને તેડી લીધી, એ સતત રડતી હતી, અડધા કલાકની એની ગેરહાજરીમાં કંઈ કેટલાંય આંચકા એ પચાવી ચૂકી હતી.

'બેટાં, તું કહ્યાં વગર કયાં જતી રહી હતી?' ત્યારે એ તો નિર્દોષ ભાવે એટલું જ બોલી, 'અરે, આપણાં પપ્પા ખોવાઈ ગયા હતા ને ? એટલે એમને શોધવા ગઈ હતી.' અને બધાં ખડખડાટ હસી પડ્યાં.

'નાનાં બાળકો સાથે પાર્કમાં કે મંદિરમાં જઈ એમને છૂટા મુકીને મોબાઈલમાં મચેલા રહેતા મા-બાપને કયારેક આઘા પાછાં થઈ જતાં બાળકો એમનું બીપી વધારી દે છે, સમાજમાં અઘટીત ઘટનાઓ ઘટે છે એટલે શંકા-કુશંકા આવવી સ્વાભાવિક છે.' એમ વિચારતા મલયે મનસુબો કર્યો કે આમ મુન્નીને એકલી મુકીને કયાંક નહીં જાય !

ચૂંટલો : બગીચામાં કે બહારગામ ફરવા જતાં થોડાંક સમય માટે બાળકો આઘા - પાછાં થતાં કે ખોવાઈ જતાં ભલભલા મા-બાપનાં છાતીનાં પાટીયા બેસી જાય છે. જાહેર જગ્યાએ જો બાળકો સામેથી 'નજર હટી તો દુર્ઘટના ઘટી.' જેવું બની શકે, સંભલકે રહેના.

પાલનપુરમાં લવ જેહાદનો મામલો..!

હાઈવે પરની હોટેલમાંથી વિધર્મી યુવક સાથે હિન્દુ યુવતી ઝડપાઈ

વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ ઝડપી લઇ પોલીસને હવાલે કર્યા : યુવકે યુવતીને નમાજ પઢાવતા અને ઇસ્લામનું જ્ઞાન આપતા વિડિઓ બનાવ્યા હોવાની રાવ

સવાઈ હિન્દુત્વવાદી ભાજપ સરકારના રાજમાં પાલનપુરમાંથી લવ જેહાદનો મામલો બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. વી.એચ.પી.ના કાર્યકરોએ હિન્દૂ યુવતી સાથે વિધર્મી યુવકને ઝડપી લઈ પોલીસને હવાલે કર્યો હતો. વી.એચ.પી. દ્વારા હિન્દૂ યુવતીને નમાજ પઢતા અને ઈસ્લામનું જ્ઞાન આપતા વિડિઓ બનાવાયા હોવાના ગંભીર આક્ષેપો કરતા પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

વિશ્વ હિન્દૂ પરિષદના અગ્રણીઓ ના જણાવ્યા મુજબ, પાલનપુરની એક કોલેજમાં અભ્યાસ કરતી એક હિંદુ યુવતીને એક વિધર્મી યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી. પાલનપુરના તોફિક નામના મુસ્લિમ યુવકે હિન્દૂ યુવતિને ફસાવ્યાં બાદ તેને નમાજ પઢાવતા અને ઈસ્લામનું જ્ઞાન આપતા વિડિઓ બનાવ્યા હોવાના આક્ષેપો વી.એચ.પી. ના કાર્યકરોએ કર્યા હતા. જોકે, યુવતીના પિતાએ વી.એચ.પી. ની મદદ માંગતા વી.એચ.પી.ના કાર્યકરોએ આજે પાલનપુર-ડીસા હાઈવે પર આવેલી ફૂડ પોઈન્ટ નામની હોટલ કમ ગેસ્ટ હાઉસમાં થી આ વિધર્મી યુવકને હિન્દૂ યુવતી સાથે ઝડપી લીધા હતા. બાદમાં પાલનપુર પશ્ચિમ પોલીસને હવાલે કર્યો હતો.

દરમિયાન, પોલીસે વિધર્મી યુવકની અટકાયત કરી તેના મોબાઈલની તપાસ હાથ ધરી હતી. મોબાઈલમાં યુવતીના અશ્લીલ વિડિઓ હોવાની આશંકાએ પોલીસે આ ગંભીર મામલે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

હા, સાહેબ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મારા કરતાં વધારે અનુભવી છો છતાંય કહું... આ રીત રસમોથી તો આ યુવા નેતાની ઉંચાઈ વધી રહી છે... એટલે બુમરેંગ થશે બુમરેંગ..!''

''અરે પણ તમે શુ કરવા અમને સંભળાવો છો..?! અમે ચિત્રમાં જ નથી... અમને કોઈ લેવા-દેવા જ નથી..!!''

''જુઓ..! તમે ચિત્રમાં હોવ કે ના હોવ... તમને લેવા-દેવા હોય કે ના હોય... પણ બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ આવી હલકા પ્રકારની રાજનીતિ કે સમાજનીતિ ગુજરાતને શોભતી નથી..! જે કોઈ કરતાં હોય તે તાકીદે બંધ કરે અથવા બંધ કરાવે..!!''

- નિમિત્ત માત્ર

ખતરો તોળાયો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાણાંની જપ્તી અને તેની હેરાફેરી અટકાવવાનો હતો પરંતુ તે હેતુ પરિપૂર્ણ થયો નથી. આ સિવાય પણ નોટબંધી માટે મોદી સરકારે ફેક કરન્સી, આંતકવાદ સહિતના જે હેતુઓ ગણાવ્યા હતા તેની સામે પણ પ્રશ્નાર્થ ઉઠયા છે ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, નોટબંધીનો નિર્ણય સંપૂર્ણતઃ અસફળ રહ્યો છે. દેશમાં આર્થિક વિકાસ દર ઘટવાની સાથે જ બેરોજગારીનો વિકરાળ પ્રશ્ન ઉભો થયો છે. જો દેશનો આર્થિક વિકાસ દર તેજીથી નહી વધે તો, રોજગારી પેદા નહી થાય. રોજગારીની નવી તકો વધી રહી નથી. હું એ પણ સ્વીકારું છું કે, મોદી સરકારે વર્ષે બે કરોડ લોકોને રોજગારી આપવાની વાત કરી હતી પરંતુ તે વાયદાના પાલનમાં પાછળ રહી ગયા. નોટબંધીથી ઉલ્ટાનું લોકો વધુ બેરોજગાર બન્યા અને લોકોના ધંધા-રોજગાર અને નોકરીઓ છીનવાઈ ગઈ. એક અંદાજ મુજબ, દેશમાં આશરે ૨૦ લાખથી વધુ લોકો નોટબંધીના કારણે બેરોજગાર બન્યા. આમ, સમગ્ર દેશમાં આર્થિક વ્યવસ્થા પર ખતરો તોળાઈ રહ્યો છે.

3 સંપત્તિ ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેદનપત્ર ભર્યા હતા જે પૈકી શૈફી બુરહાની અપલીપમેન્ટ ટ્રસ્ટ એટલે કે એસબીયુટી પણ સામેલ હતું. નિલામીની પ્રક્રિયામાં સૌથી પહેલા હોટલ રોનક અફરોઝની વર્ષ ૨૦૧૫માં નિલામી હાથ ધરવામાં આવી હતી. તે સમયે પુર્વ પત્રકાર બાલાકૃષ્ણને ૩૦ લાખ રૂપિયા ડિપોઝિટ કરીને નિલામી પોતાના નામે કરી હતી પરંતુ ૩.૯૮ કરોડની બાકીની રકમ ન ફરી શકવાના કારણે આ નિલામી રદ થઈ ગઈ હતી. ભીંડી બજારમાં બનાવવામાં આવેલી ડબલ સ્ટોર બિલ્ડિંગની રિઝર્વ પ્રાઈઝ એક કરોડ ૨૧ લાખ રૂપિયા રાખવામાં આવી હતી. કુખ્યાત અને ભારત માટે મોસ્ટ વોન્ટેડ એવા દાઉદની સંપત્તિને એસબીયુટી દ્વારા ૧૧ કરોડમાં ખરીદી લેવામાં આવી છે જેમાં રોનક અફરોઝ હોટલ, શબનમ ગેસ્ટહાઉસ અને ડામરવાલા ઈમારતનો સમાવેશ થાય છે. આ ત્રણ ઉપરાંત ઔરંગાબાદ ફેક્ટરી, મઝગાંવ ફ્લેટ, દાદરીવાલા ચાલની નિલામી પણ કરવામાં આવી છે. આ નિલામીમાં રોનક અફરોઝ હોટલ ચાર કરોડમાં વેચાઈ છે જ્યારે બીજી તરફ શબનબ ગેસ્ટ હાઉસ અને ડામરવાળા ઈમારતના પાંચ રુમોની નિલામી કરવામાં આવી છે.